સલામી સવારની..

'દુષ્કર્મ'માં સજા વધી તો સાવ બંધ થઈ ગયા?!
દેખાતા નથી દારૂ-અડ્ડા કેવા બંધ થઈ ગયા?!
બંધ થઈ ગયો ભ્રષ્ટાચાર પણ રામ-રાજયમાં -
'ચેન' માં કરો 'મૃત્યુદંડ' જુઓ ગુના બંધ થઈ ગયા?!
(સજા વધે તો ગુન્હા ઘટે - નવું તર્કશાસ્ત્ર)

હાઈકુ

'મૂલ્યો' વધારો -
- કૂવામાં જ નથી ને !
ગુન્હા ઘટે કયાં ?
(અવાડામાં આવે ક્યાંથી)

ઉલ્ટાનો વધ્યો -
પોલીસનો ઉત્સાહ -
સુખ ને 'ચેન'
(પકડાય તો તોડ...!!)

ચિંતન

વિશેષાનુગ્રહશ્ચ ।

ઉપરોક્ત સૂત્ર બ્રહ્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

ભગવાનની ભક્તિની ભગવાનનો વિશેષ અનુગ્રહ થાય છે.

જે ભગવાનનું સાચા દિલથી શરણ લે છે અને ભગવાનની ભક્તિનો આધાર લે છે એ જીવોનો ભગવાનની સાથે સંબંધ બંધાય છે. એ સ્નેહ સંબંધ જેમ જેમ ગાઢ બનતો જાય છે તેમ તેમ એમને ભગવાનની વિલક્ષણ અને વિશેષ કૃપાનો લાભ થાય છે. એથી એમનો જીવનમાં નવીન શક્તિ, શાંતિ, નિશ્ચિતતતા અને શ્રદ્ધાભક્તિનો સંચાર થાય છે. એમનો સાધનારૂપી માર્ગ અત્યંત સરળ અને સુખમય બની જાય છે. ભગવાન એમની ભક્તિથી પ્રસન્ન થઈને એમનાં જીવનનાં પ્રલોભનો ને દૂર કરે છે, એમને પગલે પગલે રક્ષે છે. અને એમના સઘળા કોડ પૂરાં કરે છે.

સુવિચાર

- સૌંદર્ય અને આનંદ બંને એક જ છે, આપણે આપણા અધ્યાત્મમાં સત્ અને ચિત્ તો રાખ્યાં પણ સૌંદર્ય અને આનંદ દૂર કરી નાખ્યાં - **રોહિત શાહ**
- ઈંડામાં પૂરાયેલું બચ્ચું કેટલું મોટું થયું ? પોતાના કોચલાને તોડવા આતુર એટલું મોટું એ થયું છે? જીવનની આવી સ્થિતિ તપાસતા રહીએ - **જનકલ્યાણ**
- જે વર્ષો તમે નિરર્થક ગાળ્યા હોય તે જ તમને વૃદ્ધ બનાવે છે - **ઈટાલીયન કહેવત**
- આધ્યાત્મિક હોવું એટલે પોતાની જાત સાથેની મૈત્રીના સાક્ષી હોવું - **ગુણવંત શાહ**
- વ્યક્ત વસ્તુઓનું સાચું દર્શન, અવ્યક્તનું જ્ઞાન છે - **શ્રી અરવિંદ**
- પોતે કયાં જવું છે તે જાણે છે, તેને માટે રસ્તો આપવા આખી દુનિયા બાજુએ ખસી જાય છે - **કાફકા**
- આજનું ઔષધ : ગ્લીસરીન, ગુલાબજળ અને લીંબુનો રસ સરખે ભાગે લઈ માલીશ કરવાથી ત્વચા વિખરે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

મફતનું મેળવવા સૌ આતુર છે. મહેનત કરવામાં પરેશાની લાગે છે આજે નૈતિક મૂલ્યોનું જે ઝડપે ધોવાણ થઈ રહ્યું છે તે આવતીકાલને માટે મોટી ચિંતા જગાડે છે. રવિશંકર મહારાજને ભેટમાં એક વેપારીએ સો મણ ગોળ આપ્યો. ગામડાના ઝૂંપડામાં મહારાજ ખુદ સૌને ગોળ આપતા હતા તેવામાં એક ઝૂંપડા વાળી બહેને ગોળ લેવા ઈન્કાર કર્યો. ત્યારે મહારાજે પૂછ્યું, 'આખું ગામ ગોળ લે છે અને તું કેમ ના પાડે છે બેટાં ?' પેલી બહેને ખુદ્દારીથી કહ્યું, 'મહારાજ મને મફતનું કંઈ જ ન ખપે એવું મને મારી માતાએ શિખવાડ્યું છે. આથી ગોળ મારાથી ન લેવાય.' મહારાજે પૂછ્યું 'તો પછી કઈ રીતે લેવાય ?' પેલી બહેને કહ્યું, 'ભગવાને મને બે-હાથ, બે પગ આપ્યા છે. એની વચ્ચે પેટ આપ્યું છે એનો અર્થ એ જ કે મારે પેટને માટે કામ કરવું, મેં તમારી મજુરી કરી હોય તો ગોળ લેવાય નહીતર ન લેવાય.' રવિશંકર મહારાજને પણ આશ્ચર્ય થયું કે આ ઝૂંપડીમાં રહેતી બહેનને આવું શિક્ષણ કોણ આપ્યું હશે ? મહારાજે પૂછ્યું, તારું ગુજરાત કેવી રીતે ચાલે છે, તારા ઘરમાં કોણ કોણ છે ? બહેને કહ્યું, 'હું યુવાન વયે વિધવા થયેલી છું, મને જે જમીન વારસામાં મળી છે તે મેં વેચી તે પૈસાથી ગામવાસીઓ માટે કૂવો બનાવડાવેલો છે અને થોડા વધેલા પૈસામાંથી ઢોરને પીવાનો હવાડો બનાવેલો છે. હું જંગલના લાકડા કાપી તે વેચીને ગુજરાન ચલાવું છું. હું માનું છું કે હજી જુવાન છું, કામ કરી શકું તેમ છું તો મારી મિલકતનું મેં સમાજ માટે દાન કરી દીધું છે.' મહારાજે પૂછ્યું, 'એ સંપત્તિ જાળવી હોત તો તેને બુઢાપામાં કામ લાગતે ને ?' બહેને કહ્યું, 'મને મારા બુઢાપાની ફિકર નથી. હાથ પગ સાજા હોય તો હજાર હુનર થઈ શકે.' રવિશંકર મહારાજે આ ઝૂંપડામાં વસતી ખાનદાનીને મનોમન વંદન કર્યા.

કેરળમાં સંવેદનાસભર રાહતકાર્ય જરૂરી

તંત્રીસ્થાનેથી...

કાશ્મીરની જેમ કેરળને પણ પૃથ્વી ઉપરના સ્વર્ગની ઉપમા મળતી રહી છે. પરંતુ જયારે કુદરત રૂઠે છે ત્યારે સ્વર્ગ પણ નરકમાં ફેરવાઈ જતાં વાર લાગતી નથી. દેશના સો ટકા સુશિક્ષિત કેરળમાં કુદરતે કાળો કેર વરતાવ્યો છે. અતિવૃષ્ટિ તો કેરળ માટે જાણીતો અનુભવ ગણાય, પરંતુ આ વખતની અતિવૃષ્ટિ વિનાશક સાબિત થઈ છે. અનેક જિલ્લાઓ પૂરેપૂરા તબાહ થઈ ગયા છે અને રાજયને વીસ હજાર કરોડનું નુકશાન થયું હોવાનો અંદાજ મુકાયો છે. કેરળ એ સંસ્કૃતિઓના સમન્વયની ભૂમિ છે. અહીં જ સૌ પ્રથમ ખ્રિસ્તી મિશનરી આવ્યા, અહીં જ ઈસ્લામ પાંગર્યો અને યહૂદી પ્રજા સુધ્ધાંને અહીં જ આશ્રય સાંપડ્યો. દરિયા કિનારાને કારણે એનાં બંદરો દેશને આંતરરાષ્ટ્રીય ઓળખ સંપડાવતા રહ્યાં છે. કેરળ લીલી નાઘેર જેવો રળિયામણો મુલક હતો, જે આજે કાળની ઝપેટમાં આવી તહસનહસ થઈ ગયો છે. કેરળના વતની અને નખશિખ પ્રામાણિક ન્યાયમૂર્તિ જોસેફનું ઘર પણ પૂરમાં તણાઈ ગયું છે. એમનાં કુટુંબીઓને નિરાશ્રિતો માટેની શિબિરોમાં રહેવાની નોબત આવી છે. કેન્દ્ર સરકારમાં ભગવી વિચારસરણી ધરાવતી સરકાર છે. કેરળમાં કોંગ્રેસ અને સામ્યવાદી પાર્ટીની સહકાર વારાફરતી શાસન કરતી રહી છે. આખા દેશમાં હિંદુત્વનું મોજું ફરી વળશે તો પણ એ કેરળની બિનસાંપ્રદાયિકતાને હચમચાવી નહીં શકે. ભારતીય જનતા પાર્ટી માટે કેરળ એ કયારેય સર ન કરી શકાય એવો પ્રદેશ છે. વળી એ રાષ્ટ્રનો સૌથી વધુ ટેલન્ટ ધરાવતો પ્રદેશ છે. ત્યાંની પ્રજા એકમેક સાથે ઓતપ્રોત છે. અહીં રમખાણો નથી થતાં. પ્રવાસન એની આવકનું મહત્ત્વનું સ્રોત છે, છતાં શિક્ષણનો વ્યાપ વધુ હોય છે. કેરળના લોકો આખા દેશમાં બલકે ખાડીના દેશ સહિત પરદેશમાં જઈને પણ પેટિયું રળી લેવામાં માહેર બની ગયા છે. ગુજરાતના નાનકડા કસ્બામાં કોઈ ટાયરની દુકાન જુઓ તો મોટા ભાગે એનો માલિક કેરળવાસી નીકળશે. વળી એ ટાયર - પંકચરનું કામ કરતો હશે છતાં પોસ્ટ ગ્રેજયુએટ ડિગ્રી ધરાવતો હશે. કોઈ પણ કામને નાનું નહીં ગણનારી કેરળની પ્રજા ખરેખર શ્રમનો મહિમા સમજે છે. કેરળને લેન્ડ ઑપ ગોડ્સ - ભગવાનોની ભૂમિ જેવું બિરુદ મળેલું છે. અહીં દરેક ધર્મનાં આલીશાન દેવાલયો છે એટલે પ્રજા ધાર્મિક જરૂર છે, છતાં અંધશ્રદ્ધાળુ નથી. મિશનરીઓનો કેરળના વિકાસમાં મોટો ફાળો છે. પોપને પણ કેરળની મદદે ધાવાનું મન થયું તે જ શું સૂચક નથી ? કેરળમાં અતિવૃષ્ટિને કારણે થયેલ અઢળક નુકશાન ઉપરાંત શરમ ગણાવી જોઈએ. ૨૦ હજાર કરોડના પ્રચંડ નુકશાન સામે કેન્દ્ર સરકારે ૫૦૦ કરોડની સહાય કરી છે તે સૂચક છે. રાજયો રાજયો વચ્ચે વહેરોવંચો રખાશે તો દેશની અખંડતા તરડાઈ જશે, એ યાદ રાખવું જોઈએ. ઉત્તરપૂર્વનાં રાજયોમાં વરસાદની ઘટ પડતાં નવું સંકટ સરજાયું છે. નેતાઓને તો ફક્ત ચૂંટણીઓમાં બહુમતી લાવી સત્તા ટકાવી રાખવામાં જ રસ છે. શું આવી લોકશાહી માટે આપણા સ્વાતંત્ર્યવીરોએ એમની જિંદગી હોમી દીધી હતી.

સૌહાર્દપૂર્ણ સ્વભાવ, ઋજુ વ્યક્તિત્વ, કવિતાના માણસ એટલે અટલ બિહારી વાજપેયી

'એક યુગ સમાપ્ત થયો.'

'ભારતમાં આવો મહાન ઈન્સાન હવે ફરી કયારે જન્મ લેશે કોને ખબર ?'

'સાચા અર્થમાં ઉમદા અને સંવેદનશીલ માણસ હતા.'

'જાહેર સભા હોય કે સંસદ હોય કે મુશાયરો હોય... એમનું વકતવ્ય સાંભળવું એ અમૂલ્ય લ્હાવો હતો.'

'એમના વિચારો દ્વારા એ હંમેશા આપણી આસપાસ જીવંત રહેશે...'

આવા વિધાનો આપણી આસપાસ હવામાં તરંગિત થાય છે. સ્વર્ગસ્થ અટલ બિહારી વાજપેયી માટે.

ભારત રત્ન, પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીનું શરીર તાજેતરમાં ૯૩ વર્ષની ઉંમરે શાંત થયું. આખોયે દેશ જાણે નિઃસ્તબ્ધ થઈ ગયો. સહુને લાગ્યું કે પોતાના પરિવારમાંથી કોઈક જતું રહ્યું છે. વેદના-સંવેદના વ્યક્ત થતી રહી વ્યક્તિગત રૂપે અને જાહેર માધ્યમોમાં પણ...

શાળા જીવનના મારા દિવસોમાં એમના પ્રવચનો - જાહેરસભાઓમાં એમની આગવી છટા અને શબ્દોના ઉતાર-ચઢાવ સાથેની ભાવવાહી પ્રસ્તુતિ સાંભળવાનો અવસર-મળ્યો એનું સ્મરણ થાય છે.

લગભગ ૬ વર્ષ કુલ મળીને ભારતના પ્રધાનમંત્રી રહ્યા, પાંચ દાયકા સાંસદ તરીકે રહ્યા, યુએન જનરલમાં હિન્દી ભાષામાં સ્પીચ આપનાર પ્રથમ વ્યક્તિ બન્યા, યુપી-એમ.પી., ગુજરાત અને દિલ્હી એમ ચાર રાજયોમાંથી સાંસદ તરીકે ચૂંટાયા, વિદેશનીતિમાં ભારત વતી બહુમૂલ્ય પ્રદાન કર્યું, ૧૯૯૯માં દિલ્હી-લાહોર વચ્ચે બસ શરૂ કરી બંને દેશો વચ્ચે સૌહાદપૂર્ણ વાતાવરણ ઊભું કરવા પ્રયાસ કર્યો, ૧૯૯૮માં અનેક વિટંબણાઓ વચ્ચે ભારતને વિશ્વના ન્યુક્લિયર મેપમાં સ્થાન અપાવ્યું. પોખરણ ધડાકા દ્વારા, ૧૯૯૯માં કારગીલ યુદ્ધ - ઓપરેશન હાથ ધર્યું, ગઠબંધન સરકારને સફળતાપૂર્વક ચલાવી અને માત્ર એક મત માટે સરકાર ગઈ તો જવા દીધી પરંતુ પોતાના મૂલ્યો સાથે કયારેય બાંધછોડ ના કરી.

મૂલ્યનિષ્ઠ રાજકીય વ્યક્તિત્વ, અજાત શત્રુ, ટાવરીંગ પાર્સનાલિટી, સંવેદનશીલ, યુગપુરુષ, એવું રાજકીય વ્યક્તિત્વ જે પાર્ટી બહારના લોકો માટે પણ એટલું જ આદરને પાત્ર, સર્વમિત્ર... કેટકેટલા વિશેષણો યાદ આવે વાજપેયીજીના માટે વાજપેયીજી વિદેશના લોકો માટે પણ એટલા જ પ્રેરક રહ્યા...

છોટે મનસે કોઈ બડા નહિ હોતા,
ટુટે મનસે કોઈ ખડા નહિ હોતા...
આપ મિત્ર બદલ સકતે હૈ પર પડોસી નહીં.
કયા હાર મેં, કયા જીતમેં,
કિંચિત નહિ ભયભીત મેં
કર્તવ્ય પથ પર જો ભી મિલા
યહ ભી સહી વો ભી સહી
વરદાન નહિ માંગૂંગા
હો કુછ પર હાર નહીં માનૂંગા.
દેશ એક મંદિર હૈ, હમ પૂજારી હૈ, રાષ્ટ્રદેવ કી પૂજા મેં હમેં ખુદ કો સમર્પિત કર દેના ચાહિયે,
સૂર્ય એક સત્ય હૈ, જિસે જૂઠલાયા નહી જા સકતા,
મગર ઔસ ભી તો એક સચ્ચાઈ હૈ,
યહ બાત અલગ હૈ કિ ઓસ ક્ષણિક હૈ,
કયોં ન મેં ક્ષણ ક્ષણ કો જિઉં
કણ કણ મેં બીખરે સૌંદર્ય કો પિઉં...

જેવા અનેક કાવ્ય મોતી વાંચવા મળે - ગુંજન થાય... ને કવિહૃદય વાજપેયીના ભાવવિશ્વ સુધી વાચકશ્રોતા પહોંચે...

પાંચ દાયકા કરતા વધુ દીર્ઘકાલીન સમય સંસદમાં એન એ સિવાયનો સમય પણ રાજકીય ક્ષેત્રમાં જેઓએ પસાર કર્યો હોય એવી વ્યક્તિ અજાતશત્રુ હોય એવું માનવું જરા અઘરું લાગે, પણ વાજપેયીજીને જાણનાર કહે છે - ને બધાં જાણે છૌ કે આ વાત પૂર્ણ સત્ય હતી.

સૌહાર્દપૂર્ણ સ્વભાવ, ઋજુ વ્યક્તિત્વ, કવિતાના માણસ એટલે ભીના ભીના સહજપણે રહે, મક્કમ મનોબળ, પોતે નક્કી કરેલા જીવનમૂલ્યોથી કયારેય વિચલિત ન થયા, રાષ્ટ્રપ્રેમની વ્યાખ્યાઓ ન કરી પરંતુ વાસ્તવમાં જીવ્યા વાજપેયીજી.

પુરા વિશ્વમાંથી એમના મૃત્યુ બાદ જે સંદેશાઓ સમાચાર માધ્યમોમાં પ્રસારિત થયા તેમાં એક સૂર કે વાજપેયીજી સાચા અર્થમાં માનવતાના રાષ્ટ્રહિતના, સંવેદનાના માણસ હતા. આવું વિરાટ વ્યક્તિત્વ શરીરથી ભલે નાશ પામે પરંતુ એમના શબ્દો અને વિચારોના દીવડા હંમેશા પ્રજ્જવળતા રહે છે અને આપણી આસપાસ અજવાળા પાથરતા રહે છે.

મેં સલામ ભરી છે... સાહેબ ! મને ધ્યાને લેજો હોં...

હાલ, સલામ ઠોકી દઈએ...
બેય હાથના દસે દસ આંગળા પ્હોળા કરી,
નિર્જીવ ડોળા ફાડી,
લાળ ટપકાવતું મોં ઉઘાડી
ગાળ ખઈ
ગાળ દઈ...
થૂંકીને,
થૂંકેલું ચાટીને,
જીભથી કોઈના તળિયાં ખંજવાળીને,
હાલ સલામ ઠોકી દઈએ...
બસ અમથી અમથી
અર્થ વિના
બહેરા કાનને દબાવતી,
હાલ, ઠોકી જ દઈએ...
એક સલામ ઠોકી જ દઈએ..
મેં સલામ ભરી છે... સાહેબ...
મને ધ્યાન લેજો હોં...

- ડૉ. ધર્મેન્દ્ર પટેલ

ઉપરોક્ત અછાંદસ કાવ્ય વાંચીને જાણે એવું લાગે કે આ તો આપણું સમૂહગીત બનવું જોઈએ... કડીના કવિમિત્ર ધર્મેન્દ્રએ લખેલ આ કવિતા આપણા સૌની અંદરની અંતરતમ અવાજ છે. આ અછાંદસ વાંચીને મરાઠી કવિ મહેશ પાડગાંવકરનું આ જ પ્રકારની અર્થ સામ્યતા વાળું 'સલામ સબકો સલામ...' યાદ આવે છે.

સલામ કર્યા સિવાય આટલાં વર્ષોથી આપણે બિચારા સામાન્ય લોકોએ બીજું કર્યું છે શું ?

આપણી માનસિકતા કેવી કાયર બની ગઈ છે કે, કુર્નિશ બજાવવાની આદત છોડી શક્યા નથી.. કોથળા જેવા લેંઘા અને કાણા પડેલી ગંજી સાથે રાત્રે 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' જોતાં - જોતાં રોજમેળમાં દાળ-શાકનો હિસાબ લખનાર બિચારો માણસ શું કરી શકવાનો ? સડેલી, ખોખલી, બોદી વ્યવસ્થા સામે અવાજ ઉઠાવવા હાથ નહીં ઉઠાવે... હાથ ઉઠાવશે તો બસ સલામ કરવા...

નોકરીમાં ઉપરી અધિકારીની ધાક-ધમકીથી ડરતો, રસ્તા પર પોલીસની જોહુકમીથી ડરતો, ઘરમાં હોમમિનિસ્ટરથી ડરતો... મંદિરમાં ભગવાનની દાદાગીરીથી ગભરાતો... ચૂપચાપ મૂંગો રહેવામાં જ શાણપણ સમજે છે.

લાત ખાધે રાખવી અને હસતા મોઢે સલામ દીધે રાખવી એ તો કોઠે પડી ગયું છે આપણને સરકારી કચેરીઓનાં ભરણાં ભરવા માટે પણ કે પછી વહીવટી કામ કરાવવા માટે પણ બે-બેદામનો પટ્ટાવાળાને પણ સલામ મારવી જ પડે છે ને !

નોકરી કરતા હોઈએ તો, ઈમાનદારીથી કામ કરે રાખવું જ પૂરતું નથી, તમારી ઉપર જરા પણ લાયક ન હોય તેવા ઉપરીથી ફાલતું વાત પર હા જી હા કરતા રહેવી પડે છે. આપણે એવી સિસ્ટમમાં મોટા થયાં છીએ કે, બધે સમાધાનકારી વલણ જ અપનાવીને પોતાને હીણપત અનુભવવાની કળા જ જાણે હસ્તગત કરી લીધી.

આપણું ખમીર, અસ્મિતા, સ્વાભિમાન બધું જાણે કે હવા થઈ ગયું છે. નેતાઓ, ઢોંગી મહાત્માઓ, અમલદારો, માલિકો અને તકવાદીઓના ફરમાનને સલામ મારતા રહીએ છીએ, અને અંતરાત્માને જુઠ્ઠું આશ્વાસન આપવા માટે 'દુનિયાદારી' અને 'વ્યવહારુ' જગતમાં તો આમ જ રહેવું પડે તેવા ખોટા અચળા હેઠળ 'સલામ' મારવાના પવિત્ર કામને ઉચિત ગણાવતા રહીશું.

કયાં સુધી આપણે આપણને પણ છેતરતા રહીશું આપણે જો ઈચ્છીએ તો સાવ ક્ષુલ્લક બાબતોમાં પણ કુર્નિશ બજાવવાનું છોડી શકીએ ખરા!

વાસ્તવમાં આપણે નાનપણથી જ છે બટર - પૉલિશ કરવા - કરાવનારાને જ સાચા આદર્શ માનતા આવ્યા છીએ, તે માનસિકતાને જ જળમૂળમાંથી બદલી નાખવાની જરૂરત છે. જયાં એવું લાગે કે આ કર્મચારી પોતાની આવડત નહીં પરંતુ સલામ ઠોકી ઠોકીને આગળ વધી રહ્યો છે, ત્યારે તુરંત જ બીજા બધાએ એક થઈ જઈને વિરોધ કરવો જોઈએ.

શતરંજની રમત જોઈને ઘણીવાર વિચાર આવે કે આ બધા હાથી-ઘોડા, રાજા-વજીર, પાયદળ મ્હોરાં નથી, જીવતા ઊભા છે, પોત-પોતાનો મોરચો સંભાળીને. એટલામાં કેટલાય હાથી આવીને તેમને ચલાવે છે. રમત શરુ થાય છે, બધા આમતેમ ભાગે છે, ભગાવાય છે. હાહાકાર મચી જાય છે. લોહી રેડાય છે, બધાં મ્હોરાં પોતપોતાને તપાસે છે કે આ તો રમત હતી ને ! આટલો કોહરામ કયાંથી ? લોહી કેમ શરીરમાંથી ઝરે છે ! આગળ - પાછળ જુએ છે, ને ખબર પડે છે. આ રમત નથી, પોતે પાયદળ બનીને રહી ગયા છે, તેને ચળાવવાવાળા હાથ તો કોઈ બીજો જ છે.

આપણે કો'કને સલામ કરીએ છીએ, કો'ક વળી બીજાને સલામ કરે છે..., એ વળી પાછો બીજાને સલામ કરે છે, ગોળ-ગોળ ચક્કર ચાલ્યા કરે છે પરંતુ સલામ તો સૌ કરે જ છે.

કુર્નિશ બજાવતાં - બજાવતાં આપણી કોઈ બેન્ડ બજાવી રહ્યું છે, તે વિશે આપણે જરા પણ સભાન નથી.

કલાર્ક જ પેદા કરવાવાળી આપણી શિક્ષણપદ્ધતિએ આપણને નોકરી અને નોકર સુધઈની સંકુચિત માનસિકતામાં જ કેદ કરી દીધાં છે. આપણે સમાજ માટે, સત્ય માટે તો શું પોતાની માટે પણ અવાજ ઉઠાવવા લાયક રહ્યાં નથી.

આપણો **'so called'** 'વ્યવહારું' અને 'દુનિયાદારી' વાળો અભિગમ ખરેખર તો આપણા ડરપોકપણાંને છૂપાવવાનો સુંદર અંચળો છે. સોશિયલ મીડિયા પર ગમે તે વિષય પર બેફામ ટીપ્પણીઓ કરવાવાળા આપણે છદ્મ દુનિયામાંથી વાસ્તવિક દુનિયામાં તે જ અભિપ્રાયને વળગી રહેતા નથી, ત્યાં તો બાંધછોડ કરી જ નાખીએ છીએ...

કંડકટર પાસે પોતાના જ છુટ્ટા પૈસા માગવામાં અચકાતો બિચારો બાપડો માણસ નેતા પાસે કાળા ધનનો હિસાબ શું ખાક માંગવાનો છે ? ટેલિફોન બિલની લાઈનમા ઘૂસ મારતા લોકોને ન રોકી શકનાર અભાગિયો જીવ દેશમાં ઘૂસી ગયેલા રોહિંગ્યા કે બાંગ્લાદેઓશીઓ વિશે ચિંતાતુર થાય તે વાતમાં માલ નથી !

- jayuoza@gmail.com,
Mo. 9898046488

કયાં સુધી થોકબંધ નેગેટીવ શેડ મનમાં લઈને ચાલતા રહીશુ?

બ્રેઈન ડ્રેઈન પુસ્તક ચિંતક ચાર્લ્સ એફ. ગ્લાસમેનનું સુંદર સર્જન છે. નકારાત્મક ખ્યાલોની અસરો અંગે પુસ્તકમાં રસપ્રદ વિચારો રજૂ કરવામાં આવ્યા છે. ગ્લાસમેન કહે છે કે, નકારાત્મક વિચારોમાં વિશ્વાસ રાખવો એટલે સફળતાના રાહમાં સ્વયં અવરોધો ઊભા કરવા. મનમાં નકારાત્મક ખ્યાલોને વિસ્તાર આપવામાં કેટલાક લોકો બહુ પારંગત હોય છે. ઉગતા સૂરજના કિરણોને આવકાર આપવાનું છોડીને સૂર્યોદય પહેલાના અંધકારને વાગોળીને બેસી રહેનારા ક્યારેય આગળ વધી નથી શકતા.

નકારાત્મક વિચાર એટલે અંધકાર. જો એમ લાગે કે, વિશ્વ અંધકારથી ભરેલું છે તો પહેલા પોતાનામાં પડેલા પ્રકાશને જોવો જોઈએ. જો એમ લાગે કે, દુનિયામાં દુષ્ટતા ભરેલી છે તો પોતાનામાં પડેલી ભલાઈને બહાર લાવવી જોઈએ. વ્યક્તિએ આગળ વધીને જ્યાં પહોંચવુ છે ત્યાં જવા માટે સકારાત્મક વિચારો વાહક બનતા હોય છે. મનનાં નબળા વિચારો દૂર સુધી જવાનો માર્ગ રોકે છે.

વિસ્ટન ચર્ચિલ જેટલા મુત્સદી શાસક હતાં એટલા જ સબળ ચિંતક હતા. ચર્ચિલ કહેતા કે, 'એક નિરાશાવાદી અને નકારાત્મક વ્યક્તિને પ્રત્યેક અવસરમાં અવરોધ દેખાતો હોય છે. જ્યારે આશાવાદીને દરેક કઠણાઈઓમાં આગળ વધવાનો નવો અવસર દેખાતો હોય છે.' સકારાત્મક દ્રષ્ટિકોણવાળો વ્યક્તિ હંમેશા ભાવિના પેટાળમાં છુપાયેલી અદૃશ્ય ઘટનાને ચિત્રપટની જેમ જોઈ લેતો હોય છે. આવા વ્યક્તિઓ અસંભવ લાગતી વાતને સંભાવનાઓમાં પલટાવી નાખવાનું સામર્થ્ય ધરાવતા હોય છે.

સામાન્ય રીતે જ્યારે એમ વિચાર આવે કે, આ ઘટનામાં મેં કેટલું બધું ગુમાવ્યું છે ત્યારે સમજી લેવુ પડે કે, આગળ વધવાની ક્ષમતા ગુમાવી દીધેલી વ્યક્તિ છે. જ્યારે એમ વિચારવામા આવે કે, આ ઘટનામાં મેં કેટલું મેળવ્યું છે તો પરિસ્થિતિનો દૃષ્ટિકોણ બદલાઈ જતો હોય છે. જ્યારે બે વ્યક્તિ સામ સામે ભેગા થાય છે, ત્યારે બન્ને વચ્ચે બહુ થોડુ જ અંતર દ્રષ્ટિકોણનું હોય છે. એમની વચ્ચેનુ અંતર વધારે છે કે ઓછુ એ એમના સકારાત્મક અને નકારાત્મક વિચારો ઉપરથી નક્કી થતું હોય છે.

એક મિત્રએ સરસ વાત કરી. શાળામાં ટીચરે મલ્ટીપલ ચોઈસનો સવાલ લખી કહ્યું, આ સવાલ બે માર્કસનો છે. આ પ્રશ્ન હલ કરીને આગળ વધી શકાશે. જેને આવડે એ બોર્ડ ઉપર આવી સાચો જવાબ લખે. બધા વિદ્યાર્થીઓ મથવા લાગ્યા. એવામાં એક વિદ્યાર્થી આગળ આવ્યો અને આખો સવાલ ભૂસી નાંખ્યો. શિક્ષકને ગુસ્સો આવ્યો અને પૂછ્યું આમ કેમ કર્યુ ? વિદ્યાર્થીનો જવાબ સાંભળીને શિક્ષક રાજી થઈ ગયા. વિદ્યાર્થીએ કહ્યું, સર જે સવાલ નથી જ આવડતો એની પાછળ સમય બગાડવા કરતાં બાકીના ૯૮ માર્કસ મેળવવા અસરકારક પ્રયાસ કેમ ન આદરું ? આ એપ્રોચ નકારાત્મકતાને હડસેલી સકારાત્મકતાના આવિષ્કારનો છે.

એક કહેવત હંમેશા લોકો ટાંકતા ફરતા હોય છે. આપણે જેવું વિચારીએ છીએ એવું જ બને છે. અંગ્રેજીમાં આના માટે શબ્દ 'ટેલીપથી' છે. જ્યારે કોઈપણ કામ શરૂ કરવામાં આવે ત્યારે મનોમન દઢ વિચાર કરવામાં આવે કે, આ કાર્યમાં હું સફળ જ થઈશ. તો કાર્યના આરંભે જ અડધી સફળતા પ્રાપ્ત થઈ જાય છે.

ઘણીવાર માનવી અજાણતા જ નેગેટિવ ખ્યાલથી અન્ય વ્યક્તિનું મૂલ્યાંકન કરી દેતો હોય છે. એક સમારંભમાં અતિથિવિશેષ કાર્યક્રમના સ્થળે આવ્યા ત્યારે કાર્યક્રમના આયોજક મંડળના એક વરિષ્ઠ સભ્યએ મુખ્ય મહેમાનની આગતા સ્વાગતા કરી, એમને ડાયસ સુધી દોરી જવાની કામગીરી ખૂબ નિષ્ઠાથી કરી. પરંતુ મુખ્ય મહેમાને આ આયોજક મંડળના સભ્ય સામે નજર સુદ્ધા ન નાખી. સત્કારવા આવેલા ભાઈના મનમાં તો મુખ્ય મહેમાન માટે મોટી નકારાત્મક છબી કંડારાઈ ગઈ. એ મનમાં વિચારવા લાગ્યા કે, આ મુખ્ય મહેમાન ખુબ ઘમંડી છે. પણ ૧૫-૨૦ મિનિટમાં જ એમને ખબર પડી કે, કાર્યક્રમના ચીફ ગેસ્ટ જોઈ શકતા નથી. અને સાંભળી પણ શકતા નથી. એક મિનિટમાં એ મિત્રનો મુખ્ય મહેમાન માટેનો નેગેટીવ એપ્રોચ સંવેદનામાં પલટાઈ ગયો.

આપણે કેટકેટલા નેગેટીવ શેડ મનમાં લઈને ચાલતા રહીશુ ? અને ક્યાં સુધી આ થોકબંધ નેગેટીવ શેડના પ્રભાવમાં રહીશુ ? આ નકારાત્મકતાના બીજને આપણે ખોટી ધારણાઓનુ ખાતર અને અહમના પાણીથી વિસ્તાર આપતા રહીએ છીએ. પિતા - પુત્રનો એક પ્રસંગ યાદ આવે છે. દીકરાની વૈભવશાળી ઓફિસમાં પિતાજી અચાનક જઈ ચડે છે. અને બેટાના ખભે હાથ મૂકી પૂછે છે, 'બેટા દુનિયામાં સૌથી શક્તિશાળી વ્યક્તિ કોણ છે.' દીકરો જવાબ આપે છે 'હું'. પિતાને પુત્રના જવાબથી થોડો અફસોસ થયો. એમનું માનવું હતું કે પુત્ર કહેશે 'પિતાજી તમે સૌથી શક્તિશાળી છો' પણ દીકરાએ કહ્યું 'હું શક્તિશાળી છું' પિતાજીને લાગ્યું કે, પુત્રને પાંખો આવી ગઈ એટલે એને મારુ મહત્વ નથી રહ્યું. થોડીવાર રહીને પિતાએ કહ્યું 'હવે હું જાઉં છું.' કેબિનના દરવાજે પહોંચી પિતાએ પુત્ર સામે જોઈને કહ્યું, દુનિયામાં સૌથી શક્તિશાળી વ્યક્તિ કોણ છે ? પુત્રએ એક જ સેકન્ડમાં જવાબ આપ્યો, 'પિતાજી તમે'.

હવે પિતાના આશ્ચર્યનો પાર ન રહ્યો બે-પાંચ મિનિટ પહેલાં પુત્રએ જે પ્રશ્નના જવાબમાં 'હું' કહ્યું હતું એ જ પ્રશ્નના જવાબમાં હવે 'તમે' કહે છે. પિતાએ આ મૂંઝવણ દીકરાને કહી. ત્યારે પુત્રએ સરસ જવાબ આપ્યો. 'પિતાજી તમે પહેલા આ પ્રશ્ન પૂછ્યો ત્યારે તમારો હાથ મારી પીઠ ઉપર હતો. એનો અર્થ દુનિયાની સૌથી મોટી તાકાત મારી પાછળ હતી એટલે મેં કહ્યું 'હું' અને હવે એ હાથ મારી પીઠ ઉપર નથી એટલે મેં કહ્યું 'તમે'. મારી શક્તિ તો તમે છો.' બે પાંચ મિનિટ માટે નકારાત્મક વિચારોના જાળામાં સપડાયેલા પિતાને નકારાત્મકતાની ભયાનકતા સમજાઈ ગઈ.

પ્રત્યેક નકારાત્મક વિચાર અસફળતા અને દુઃખના વમળોના મોટા સ્ત્રોત હોય છે. નકારાત્મક વિચારો ધસમસતા પુરના પાણી જેવા હોય છે અને એ સંબંધોની સુસંસ્કૃત હરિયાળીને ખેદાનમેદાન કરી નાખે છે. નકારાત્મક વિચારોના માર્ગે જવાનું ટાળવુ પડે. એને વધારે સમય આપી મનમાં ઉછરવા ન દેવાય. જરા હટકે અલગ વિચારવાનું શરૂ કરી દેવુ પડે. 'હું છલોછલ હકારાત્મકતાથી ભરેલો વ્યક્તિ છું. હું બધું જ કરી શકુ છું. આવી રહેલી ક્ષણ મારા માટે સારા સમાચાર અને શુભત્વના સંકેત લઈને ઊભી છે.' આવા વિચારો મનમાં અને હૃદયમાં ઊર્જા ભરી દે છે.

એક તળાવમાં ઉગેલા કમળની આસપાસ કાદવને જોવામાં આવે તો એ નિરાશાવાદનો અંધકાર છે. પણ તળાવના કાદવમાં સુંદર મઝાના કમળના ફૂલ, એના આકર્ષક રંગ અને આસપાસ ફરતા ભ્રમરને જોવામાં આવે તો એ સકારાત્મકતાના આનંદનો આશાવાદ છે. એ જ જીવનમાં હકારનો ઉત્સવ છે. સકારાત્મક વિચારોના બીજ વાવીએ તો સુસંસ્કૃત આનંદના ફળથી લદાયેલુ વૃક્ષ મળશે. સકારાત્મક સ્વભાવ સંસ્કારી ચારિત્ર્ય ઘડશે અને એનાથી જ ભાગ્ય ઘડાશે. આપણા મનમાં જ સમસ્ત આનંદનુ વિશ્વ સમાયેલુ પડ્યુ છે, માત્ર એને જોવાની અને સમજવાની જરૂર છે. સકારાત્મક વિચારોની માસ્ટર કીથી આનંદના કમાડ ખોલવા સજ્જતા સ્વયં કેળવવાની હોય છે.

ધબકાર

સુખનુ એક દ્વાર બંધ થતુ હોય છે ત્યારે બીજા અનેક ઉઘડેલા દ્વાર સામે જ હોય છે, પણ આપણે બંધ દ્વાર જોવામાં જ એટલા વ્યસ્ત રહીએ છીએ કે અન્ય ખુલેલા દ્વાર સામે આપણે જોતા જ નથી.